BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# COVID-19 નો ફેલાવો ધીમો પાડવા અને લઘુ તથા મધ્યમ કદના વ્યવસાયો માટે રેપિડ સ્ક્રીનિંગથી સ્થાનિક અર્થતંત્ર ફરી શરૂ કરવા સિટી ઓફ બ્રૅમ્પટન RIC સેંટર (RIC Centre) અને કોમ્યુનિટેક (Communitech) સાથે સહયોગ સાધે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (09 જૂન 2021) – આજે સિટી ઓફ બ્રૅમ્પટને જાહેર કર્યું કે તેમની ઈકોનોમિક ડેવેલપમેન્ટ ઓફિસ જે બ્રૅમ્પટન ઈમર્જન્સી મેનેજમેન્ટ ઓફિસ સાથે સંકલિત થઈને RIC સેંટર (RIC Centre) અને કોમ્યુનિટેક (Communitech) સાથે ભાગીદારી કરી છે જેથી બ્રૅમ્પટનમાં લઘુ અને મધ્યમ કદના વ્યવસાયોને નિઃશુલ્ક COVID-19 રેપિડ સ્ક્રીનિંગ કિટ્સ પૂરી પાડવી. સ્ટેસેફ તરીકે ઓળખાતો આ પ્રોગ્રામ COVID-19નો ફેલાવો ધીમો પાડશે અને ત્વરિત આર્થિક રિકવરી સુનિશ્ચિત કરશે.

રેપિડ એન્ટિજન સ્ક્રીનિંગ લક્ષણરહિત COVID-19 કેસો કાર્યસ્થળ પર ફાટી નીકળે ત્યાર પહેલા ઓળખી કાઢવાનો ઝડપી માર્ગ છે. કાર્યસ્થળો અને સમાજમાં લક્ષણરહિત અને પૂર્વ લક્ષણ ધરાવતા વ્યક્તિઓને વહેલી તકે ઓળખવા તે ફેલાવો મર્યાદિત રાખવાનો અસરકારક માર્ગ છે. સ્ટેસેફ રેપિડ સ્ક્રીનિંગ કિટ્સ ઝડપથી સુલભ કરાવે છે જેથી વ્યવસાયો કાર્યસ્થળ પર સ્ક્રીનિંગ પ્રોગ્રામ હાથ ધરી શકે.

**સ્ટેસેફ**

ફેડરલ અને પ્રોવિંશ્યલ પ્રશાસનો દ્વારા નિધિયન થયેલ સ્ટેસેફ પ્રોગ્રામ એવા તમામ વ્યવસાયો માટે નિઃશુલ્ક છે જેઓ 150 કરતા ઓછા કર્મચારીઓ ધરાવતા હોય જેઓ ઘરેથી કામ ન કરી શકે તેમ હોય અથવા કામ કરતી વખતે ભૌતિક અંતર જાળવી શકે તેમ ન હોય.

રેપિડ એન્ટિજન પોઈન્ટ ઓફ કેર સ્ક્રીનિંગ પરીક્ષણોથી કર્મચારીઓ કામ પર આવતા પહેલા જાતે પોતાનું પરીક્ષણ કરી શકે છે અને તે પરીક્ષણનું પરિનામ મિનિટોમાં જોઈ શકશે. જો કોઈ કર્મચારીનું પરીક્ષણ પોઝિટિવ આવે તો નિયોક્તા તેમને નજીકના COVID પરીક્ષણ કેન્દ્ર પર વધુ નિર્ણાયક પરીક્ષણ માટે મોકલી શકે જેથી અન્ય કર્મચારીઓ વાયરસના સંપર્કમાં આવવાનું જોખમ ન રહે.

આવી તક બ્રૅમ્પટનની એવી સંસ્થાઓ માટે છે જે 150 કરતા ઓછા કર્મચારીઓ ધરાવતી હોય. પ્રથમ ઓર્ડર લેતા પહેલા આ પ્રોગ્રામમાં સહભાગી માટે તાલીમ અને રજિસ્ટ્રેશન આવશ્યક છે. સંસ્થાઓ પ્રોગ્રામ વિશે વધુ જાણકારી અહીં મેળવો અને અહીં સાઈન અપ કરો.

150 કરતા વધુ કર્મચારીઓ ધરાવતા વ્યવસાયો સીધા ઓન્ટારિયો ગવર્નમેન્ટ પોર્ટલ પરથી ઓર્ડર કરી શકશે.

**ઈકોનોમિક રિકવરી**

પ્રોવિન્સ ફરી ખોલવા માટેના રોડમેપનું પ્રથમ ચરણ હેઠળ, બિન-અનિવાર્ય છૂટક વેચાણ 15 ટકા ક્ષમતા સુધી માન્ય રહેશે, જ્યાં વેચી શકાય એવા માલ પર કોઈ પ્રતિબંધ નહીં હોય, અને અનિવાર્ય તેમજ અન્ય વિશિષ્ટ છૂટક વેચાણ 25 ટકા ક્ષમતા સુધી માન્ય રહેશે જ્યાં વેચી શકાય એવા માલ પર કોઈ પ્રતિબંધ નહીં રહેશે. વ્યવસાયો જ્યારે ફરી ખુલવા માટે તૈયારી કરી રહ્યા છે ત્યારે રેપિડ એન્ટિજન પરીક્ષણ માત્ર કર્મચારીઓને જ રક્ષણ આપવામાં મદદરૂપ નહીં થાય પરંતુ તેનાથી બ્રૅમ્પટનમાં રહેવાસીઓ સ્થાનિક વ્યવસાયોમાં વિશ્વાસ સાથે પ્રવેશ કરી શકશે.

ગત વર્ષે બ્રૅમ્પટન સિટી કાઉન્સિલે અર્થતંત્રને પુનર્જીવન આપવા માટેના વ્યુહને સિટી માટેના માળખા તરીકે અનુમોદન આપ્યું જેથી સ્થાનિક અર્થતંત્રને પુનઃ શરૂ કરીને આગળ વધી શકાય. ઇકોનોમિક રિકવરી સ્ટ્રેટજીનું લક્ષ્ય બ્રૅમ્પટનનું અર્થતંત્ર આગળ ધપી રહ્યું છે ત્યારે તેમાં સ્થિતિસ્થાપકતા અને સ્પર્ધાત્મક લાભ મેળવવાનું છે. આ વ્યુહ ચાર સ્તંભો તરીકે ગોઠવાયેલ છે: *ઇનોવેશન, ટેક્નોલોજી અને ઉદ્યમવૃત્તિ*, જેમાં સામેલ છે સાહસિકો અને નાના વ્યાપારો, નિવેશ, કલા, સંસ્કૃતિ અને ટૂરિઝમ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ને વધુ સારી રીતે મદદ સામેલ છે. વધુ જાણવા માટે www.brampton.ca

**સુવાક્યો**

"COVID-19 મહામારીથી આપણા વ્યવસાયો અને ગ્રેટર બ્રૅમ્પટનનો સમાજ અત્યંત પ્રભાવિત થયો છે. સાથે કાર્ય કરવાનું ચાલુ રાખીને અને આપણી પાસે હોય એવા તમામ ટૂલ્સનો ઉપયોગ કરીને – જેમેકે ભૌતિક અંતર, માસ્ક પહેરવા, સ્વચ્છતા રાખવી અને બધાં સાર્વજનિક આરોગ્યના પગલાં અનુસરવા, તે ઉપરાંત રેપિડ સ્ક્રીનિંગથી – આપણે સહુ આપણે જે લોકોને જોવા ઝંખતા હોઈએ તેમને મળવા માટે, આપણને ગમતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અને આપણા અદ્ભુત બ્રૅમ્પટનના વ્યવસાયોને માણવાથી એક પગલું નજીક આવ્યા છીએ. હું મારા RIC સેંટર (RIC Centre) અને કોમ્યુનિટેક (Communitech) ખાતેના મારા સહયોગીઓનો આભાર માનું છું અને બ્રૅમ્પટનના તમામ લઘુ અને મધ્યમ કદના વ્યવસાયોને સ્ટેસેફ પ્રોગ્રામ મારફત તમારી રેપિડ સ્ક્રીનિંગ કિટ્સ મેળવી લેવા પ્રોત્સાહિત કરું છું."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"જ્યારે આપણે COVID-19 મહામારીમાંથી બહાર આવી રહ્યા છીએ ત્યારે ભાગીદારીઓ અને નવલ વિચારધારા આપણને આપણા જીવનને સલામત રીતે દિશા આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. RIC સેંટર (RIC Centre) અને કોમ્યુનિટેક (Communitech) સાથે સહયોગના આપણા પ્રયાસથી અને લઘુ તથા મધ્યમ કદના વ્યવસાયો માટે રેપિડ પરીક્ષણનો ઉપયોગ કરીને અમે બ્રૅમ્પટનવાસીઓને તેમજ અમારા સમર્પિત કર્મચારીઓને રક્ષણ આપવાનું ચાલુ રાખીશું જ્યારે સાથોસાથ આપણા જોરદાર સ્થાનિક વ્યવસાયોને આત્મવિશ્વાસ સાથે મદદરૂપ થઈશું."

*- માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4; પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પ્ટન.*

"આપણે જ્યારે COVID-19 મહામારીના પ્રભાવમાંથી આગળ વધી રહ્યા છીએ ત્યારે આપણે આપણા રહેવાસીઓ અને બ્રૅમ્પટનના કર્મચારીઓની સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખવું પડશે જ્યારે સહુ સાથે મળીને આપણે સ્થાનિક અર્થતંત્રનો પુનઃપ્રારંભ કરી રહ્યા છીએ. અમે તમામ લાયકાત ધરાવતી બ્રૅમ્પટનની કંપનીઓને સ્ટેસેફ પ્રોગ્રામ મારફત પોતાની રેપિડ સ્ક્રીનિંગ કિટ્સ મેળવી લેવા પ્રોત્સાહિત કરીએ છીએ. સલામતીને અગ્રિમતા આપીને આપણે બધાં આત્મવિશ્વાસ સાથે સુરક્ષિત રીતે આપણા જબરદસ્ત સ્થાનિક વ્યવસાયોને સપોર્ટ કરી શકીશું."

*- પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 & 5; ઉપ પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પ્ટન.*

"સિટી ઓફ બ્રૅમ્પટન ખાતેના સ્ટાફ આપણા સમાજના રહેવાસીઓ અને કામદારોને સ્થાનિક વ્યવસાયોને સપોર્ટ કરતા પણ સુરક્ષિત રાખવા પ્રતિબદ્ધ છીએ જ્યારે આપણે પ્રોવિન્સ ફરી ખોલવા માટેના રોડમેપના પ્રથમ ચરણમાં પવેશ કરી રહ્યા છીએ. RIC સેંટર (RIC Centre) અને કોમ્યુનિટેક (Communitech) ખાતેના અમારા ભાગીદારો પ્રતિ અમે આભાર વ્યક્ત કરીએ છીએ. રેપિડ પરીક્ષણો આપણા સમાજમાં COVID-19નો ફેલાવો ધીમો પાડવામાં મદદ કરશે અને આપણા અર્થતંત્રની રિકવરી સુનિશ્ચિત કરશે."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"RIC સેંટર (RIC Centre) આ પરિયોજનામાં ભાગીદાર બનવામાં ગૌરવની લાગણી અનુભવે છે જેનું લક્ષ્ય આપણા સમાજના વધુને વધુ લોકોને રક્ષણ આપવામાં મદદરૂપ થવાનું છે. સ્ટેસેફ જેવા કાર્યક્રમો જ સામાન્ય પરિસ્થિતિઓ હોવાની લાગણી પાછી લાવવામાં અને તેમ કરતા સલામત રહેવા વચ્ચેનું અંતર દૂર કરે છે. પરિવર્તન માટે ઈનોવેશન કેટેલિસ્ટ તરીકે RIC સેંટર આ પ્રોગ્રામને આગળ ધપતો જોવા ઉત્સુક છે અને તમામ લાયકાત ધરાવતી સંસ્થાઓને સાઈન અપ કરવા માટે પ્રોત્સાહિત કરે છે."

- *પામ બૅંક્સ (Pam Banks), એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (Executive Director), RIC સેંટર*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca